For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં ખાદ્ય પદાર્થો હવે સલામત રહ્યા નથી : આરોગ્ય તંત્રની હપ્તા પદ્ધતિથી ભેળસેળીયા તત્વો બેફામ

# માંજલપુરના પિઝીનોઝ પિઝામાં ગ્રાહકને કડવો અનુભવ, ગાર્લિક બ્રેડમાં ફૂગ નીકળી

**મેનેજરે** બિલ ન ભરવાનું કહી હાથ ખંખેર્યા, લેખિત જવાબ માંગતા ચાલતી પકડી, પાલિકા દ્વારા કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરાના માંજલપુર તુલસીધામ ચાર રસ્તા નજીક આવેલા પિઝીનોઝ પિઝાના આઉટલેટમાં ગયેલા એક પરિવારને કડવો અનુભવ થયો છે. કોમ્બો પેક ઓર્ડર કર્યા બાદ ગાર્લિક બ્રેડમાં ફૂગ જોવા મળતા મહિલા ગ્રાહક ચોંકી ઉઠી હતી.

માંજલપુર તુલસીધામ ચાર રસ્તા નજીક આવેલા પિઝીનોઝ પિઝામાં ગયેલા પરિવારે કોમ્બો પેક સિલેક્ટ કરી પ્રથમ સ્ટાર્ટરસ લીધા બાદ પીઝા મંગાવ્યા હતા. જેમાં ગાર્લિક બ્રેડ આવતા તેમાં ફંગસ દેખાતા મહિલા ગ્રાહકે તુરંત સ્ટાફને રજૂઆત કરી હતી. ગ્રાહકના આક્ષેપ મુજબ મેનેજરે કહ્યું સારું બિલ પે ના કરશો અને ત્યાંથી જતો રહ્યો. ગ્રાહકે લેખિતમાં જવાબ માંગ્યો અને સંચાલક સાથે પણ વાત કરાવડાવી હતી પરંતુ મેનેજરે પણ ચાલતી પકડી હતી.

શહેરમાં ખુલ્લેઆમ આવા તત્વો બેફામ બન્યા છે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી ઉઠી છે. ગ્રાહકોએ આક્ષેપ કર્યો કે ફૂડ સેફ્ટીના નિયમોના



ધજાગરા ઉડાવવામાં આવી રહ્યા છે. આરોગ્ય સાથે બાંધછોડ કરતા આવા આઉટલેટ સામે તપાસ કરી કડક પગલાં લેવા જરૂરી છે.

ગ્રાહક દીક્ષિતા બેન વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે પીઝા ખાવા માટે આવ્યા હતા. પીઝોનીઝ પીઝામાં તો અહીં બ્રેડમાં ફંગલ હતું. અને બીજી બધી વસ્તુઓમાં દુર્ગંધ આવી રહી હતી. બીજા દિવસે રવિવારે સવારે મારી ચાર વર્ષની બેબી જેને સવારથી તાવ આવ્યો હતો મેડિસિન આપ્યા પછી પણ તાવ ઉતર્યો નથી. જેથી હું આજે ફરીથી પીઝા શોપના ઓનર સાથે વાત કરવા માટે આવી હતી. તો અહીંથી મેનેજર પણ ભાગી ગયા અને ઓનર પોતે કોઈ જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. કાલે કહેતા હતા કે કંઈપણ થાય તો આવજો પણ અહીં આવવા છતાં બધો સ્ટાફ ભાગી ગયો છે. મેં પોલીસ સ્ટેશન ગઈ હતી. ત્યાર પછી ઓનરનો મને કોલ આવ્યો અને કહે છે કે વાંધો નહીં તમે કહેતા હોવ તો મારું બંધ કરી દવ છું. પણ શોપ બંધ કરવાથી કઈ ના થાય, આ કોઈની જિંદગીનો સવાલ છે. કાલ ઉઠીને મારી દીકરીને કઈ થશે અને મોટી ઘટના બનશે તો એની જવાબદારી કોણ લેશે. બેબીને દવાખાને ચેકઅપ કરાવ્યો 24 કલાક રાહ જોવી પડશે અને જો તાવ નહિ ઉતરે તો દાખલ કરવાની તૈયારી રાખવી પડશે તેમ જણાવાયું હતું. આ લોકો બીજાની જિંદગી સાથે રમત રમી રહ્યા હોય એવું લાગે છે આ શોપ સિલ થવી જ જોઈએ. એમની માટે પૈસો મહત્વનો છે, માલિક વિરુદ્ધ કાર્યવાહી થવી જ જોઈએ. પોલીસ સ્ટેશનમાંથી મને આરોગ્ય વિભાગમાં જવા સલાહ આપી હતી. જોકે, રવિવાર રજા હોવાથી આરોગ્ય વિભાગ બંધ હોય સોમવારે હું ફરિયાદ આપીશ. આગળની જે પણ કાર્યવાહી કરવી પડશે તે હું પુરી કરીશ.

### AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ વડોદરાની મુલાકાતે

# NEET પેપર લીક અને મોંઘા ઈંધણ મુદ્દે ભાજપ સરકાર પર કેજરીવાલના પ્રહાર

**NEET** પેપર લીકથી 22 લાખ વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં : અરવિંદ કેજરીવાલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજે વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભવ્ય અને ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ડેડિઆપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત પક્ષના અગ્રણી નેતાઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોએ ફૂલહાર અને નારાઓ સાથે તેમનું અભિવાદન કર્યું હતું. વડોદરા આગમન સાથે જ અરવિંદ કેજરીવાલે પત્રકારો સાથેની વાતચીતમાં દેશ અને રાજ્યના સળગતા મુદ્દાઓ પર



સરકારને આડે હાથ લીધી હતી.

અરવિંદ કેજરીવાલે દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા NEET પરીક્ષાના પેપર લીક મામલે ઊંડી ચિંતા અને આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, NEETનું પેપર લીક થવાને કારણે દેશના 22 લાખ જેટલા હોનહાર વિદ્યાર્થીઓ સીધા પ્રભાવિત થયા છે. વર્ષો સુધી દિવસ-રાત મહેનત કરનારા આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો આજે અત્યંત દુઃખી છે અને યુવાનો ડિપ્રેશનમાં સરી પડ્યા છે. શિક્ષણ વ્યવસ્થામાં આવી બેદરકારી દેશના ભવિષ્ય સાથે ખીલવાડ સમાન છે.

ગુજરાતમાં હાલમાં જોવા મળી રહેલી પેટ્રોલ-ડીઝલની અછત પર પ્રહાર કરતા કેજરીવાલે કહ્યું કે, અત્યારે ગુજરાતમાં પેટ્રોલ પંપો પર વાહનોની મોટી મોટી લાઈનો લાગી રહી છે, જે ચિંતાજનક બાબત છે. ખાસ કરીને ખેતીની સીઝનમાં જો ખેડૂતોને સમયસર ડીઝલ નહીં મળે, તો તેઓ ખેતી કઈ રીતે કરશે? સરકારની નબળી વ્યવસ્થાને કારણે સામાન્ય જનતા અને ખેડૂતોએ મુશ્કેલી વેઠવી પડી રહી છે. મોંઘવારી અને ઇંધણ સંકટના કાયમી ઉકેલ માટે અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર સામે એક મહત્વનો પ્રસ્તાવ મુક્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, આજે વૈશ્વિક સ્તરે રશિયા અને ઈરાન ભારતને સસ્તા ભાવે ઓઈલ (તેલ) અને ગેસ આપવા માટે તૈયાર છે, પરંતુ ભારત સરકાર કોઈ અગમ્ય કારણોસર તે લેવા માટે તૈયાર નથી.

# બીકોમમાં રેગ્યુલર ઓનલાઈન એન્ટ્રન્સ પરીક્ષા કાલે યોજાશે

**યુઝર** ID-પાસવર્ડ ન મળ્યા હોય તો GCAS હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવા ફેકલ્ટીની સૂચના

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા બીકોમ પ્રવેશ માટે લેવાયેલી ઓનલાઈન મોક એન્ટ્રન્સ ટેસ્ટ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ મોક ટેસ્ટમાં 8500થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

હવે રેગ્યુલર ઓનલાઈન એન્ટ્રન્સ પરીક્ષા 26 મે 2026, મંગળવારના રોજ સવારે 10:00 થી બપોરે 12:00 દરમિયાન યોજાશે. જે વિદ્યાર્થીઓને યુઝર આઈડી કે પાસવર્ડ ન મળવા જેવા કારણોસર મોક ટેસ્ટ ન આપી શક્યા હોય, તેઓ ફેકલ્ટી ઓફ કોમર્સના મેઈન બિલ્ડિંગ ખાતે આવેલા જીકાસ હેલ્પ સેન્ટરનો સવારે 10:30 થી 1:30 વચ્ચે સંપર્ક કરી પોતાની વિગતો મેળવી શકશે. મુખ્ય પરીક્ષા માટે મોક ટેસ્ટ વાળા જ આઈડી-પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. નવો પાસવર્ડ ઈસ્યુ કરવામાં આવશે નહીં. ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા વિદ્યાર્થીઓને 26 મેની પરીક્ષા માટે તૈયાર રહેવા અને લોગિન ડિટેઈલ્સ અગાઉથી ચેક કરી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. પરીક્ષાના દિવસે જ જો કોઈ ટેકનીકલ સમસ્યા સર્જાય તો છ જેટલા હેલ્પ લાઈન કાર્યરત કરવામાં આવી છે પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓ આ હેલ્પલાઈન નો પણ સંપર્ક કરી શકે છે. મહત્વની બાબત છે કે, બીસીએ કોર્સની એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવી હતી. જેમાં 1021 વિદ્યાર્થીઓ પૈકી 849 જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષાની આન્સર કી ફેકલ્ટીના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવી છે અને વેબસાઈટ પર પણ પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે, જો વિદ્યાર્થીએ પરીક્ષા પાસ કરી હશે પણ જીકાસ પર તેનું રજીસ્ટ્રેશન નહીં હોય તો તે પ્રવેશ નહીં મેળવી શકે.

### રસ્તાઓ પર નદીઓ વહી, ઘરોમાં પાણી ઘૂસી જતાં મોટું નુકસાન

# ‘સ્માર્ટ’ તંત્રની ઘોર બેદરકારી: વોર્ડ નં. 11માં મુખ્ય પાણીની લાઈન ફાટતાં લાખો લીટર જળનો વેડફાટ

**જવાબદાર** કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની જનતાની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સંસ્કારી નગરી વડોદરાને સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો વચ્ચે પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટરોની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરના વોર્ડ નંબર 11 વિસ્તારમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત નાખવામાં આવેલી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. લાઈન ફાટવાના કારણે લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તાઓ પર વહી ગયું હતું, જેને પગલે સમગ્ર વિસ્તારમાં જાણે નદીઓ વહેવા લાગી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ગંભીર બેદરકારીને કારણે સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ



અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી આવી ઘટનાઓ સતત બની રહી છે. વોર્ડ નંબર 11માં સર્જાયેલી આ દુર્ઘટના એટલી ભયાવહ હતી કે, મુખ્ય લાઈનમાંથી ફંગોળાયેલું પાણી જોતજોતામાં આસપાસના રહેણાંક વિસ્તારોમાં ફરી વળ્યું હતું. લોકોના ઘરોના કમ્પાઉન્ડ સુધી પાણી પહોંચી જતાં અને કેટલાય નીચાણવાળા ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીના કિંમતી સામાનને ભારે નુકસાન પહોંચ્યું હતું. ઉનાળાની સિઝનમાં જ્યાં એકબાજુ પાણીની અછત વર્તાતી હોય છે, ત્યાં બીજીબાજુ તંત્રની લાપરવાહીના કારણે લાખો લીટર શુદ્ધ પાણી પળવારમાં ગટરોમાં વ્યર્થ વહી ગયું હતું.

આ ઘટના અંગે સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક વડોદરા મહાનગરપાલિકાના તંત્રને ટેલિફોનિક જાણ કરી હોવા છતાં, કલાકો સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા. પાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી ખરી, પરંતુ સમારકામની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતી હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે. કલાકો સુધી પાણીનો પ્રવાહ રોકી ન શકાતા તંત્રની પ્રિ-મોન્સૂન અને કટોકટી વ્યવસ્થાપનની પોલ ખુલ્લી પડી ગઈ હતી.

સ્થાનિકોએ ઉચ્ચ સ્તરે રજૂઆત કરી માંગ કરી છે કે, પ્રજાના ટેક્સના પૈસાનો આ રીતે દુરુપયોગ કરનારા અને પ્રાથમિક સુવિધાનું નુકસાન કર નારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. આ સાથે જ હલકી કક્ષાની કામગીરી કરનાર કોન્ટ્રાક્ટરને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવામાં આવે.

# સરકારી ભરતી પરીક્ષામાં ફેરફાર AEIAT હવે 13 જૂને યોજાશે

**GPSC** વર્ગ 1 અને 2ની પરીક્ષા 7મી જૂને હોવાથી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય, ઉમેદવારોની મુંઝવણ દૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં મદદનીશ કેળવણી નિરીક્ષક બનવા માંગતા ઉમેદવારો માટે મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ 7 જૂન 2026ના રોજ લેવાનારી પરીક્ષા હવે 13 જૂન 2026ના રોજ યોજાશે.

જીપીએસસી દ્વારા વર્ગ 1 અને વર્ગ 2ની પરીક્ષાઓ પણ 7 જૂનના રોજ યોજાનાર હતી. એક જ દિવસે બે મોટી સરકારી ભરતી પરીક્ષાઓ એકસાથે આવતી હોવાથી ઉમેદવારો મોટી મુંઝવણમાં મુકાયા હતા. ઘણા ઉમેદવારો બંને પરીક્ષા આપનાર હોવાથી તેમણે બોર્ડ સમક્ષ રજૂઆતો કરી હતી.

ઉમેદવારોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ત્વરિત નિર્ણય લઈ પરીક્ષા એક અઠવાડિયું પાછી ઠેલવામાં આવી છે. આ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા 7 મેના રોજ જ સત્તાગત મેરિટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી ચૂકી છે. ઉમેદવારોને 13 જૂનને ધ્યાને રાખીને તૈયારી કરવા અનુરોધ કરાયો છે.

પરીક્ષાના કેન્દ્ર, હોલ ટિકિટ ડાઉનલોડ અને અન્ય નવીનતમ માહિતી માટે બોર્ડની સત્તાવાર વેબસાઈટની નિયમિત મુલાકાત લેવા તાકીદ કરાઈ છે. પરીક્ષાના ઠરાવની જોગવાઈઓ અને નિયમો અનુસાર ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં ક્વોલિફાઈડ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તારીખ ફેરફાર અંગેનો પરિપત્ર તમામ સંબંધિત વિભાગો અને અધિકારીઓને રવાના કરી દેવામાં આવ્યો છે.

### શાળાઓ શરૂ થતા જ વાલીઓના ખિસ્સા પર ભાર

# ઈંધણ અને સીએનજીના ભવ વધારાને પગલે સ્કૂલ વાન-રિક્ષાના ભાડામાં વધારાના એંધાણ

**નવા શૈક્ષણિક** સત્રમાં ફી બાદ હવે ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ વધવાની શક્યતા

**સીએનજીના** ભાવ પ્રતિ કિલો 10 રૂપિયા વધતા નવા સત્રથી વાલીઓને વધુ એક ઝટકો લાગશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ વાલીઓને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં વધારો થવાના એંધાણ વચ્ચે વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી ઈંધણ અને ખાસ કરીને સીએનજીના ભાવમાં સતત વધારો




નોંધાઈ રહ્યો છે. વર્ષ 2024ની સરખામણીએ સીએનજીના ભાવમાં પ્રતિ કિલો અંદાજે 10 રૂપિયાનો વધારો થયો હોવાનું કહેવાય છે. જેના કારણે સ્કૂલ ટ્રાન્સપોર્ટ ચલાવતા વાન અને રિક્ષા ચાલકો પર ખર્ચનો વધારાનો બોજ પડ્યો છે.

હાલમાં શહેરમાં સ્કૂલ વાનનું માસિક ભાડું અંદાજે 1200 રૂપિયા સુધી અને રિક્ષાનું ભાડું ઓછામાં ઓછું 750 રૂપિયા સુધી વસૂલવામાં આવે છે. જોકે, નવા શૈક્ષણિક સત્રથી આ ભાડામાં 10 થી 15 ટકા સુધીનો વધારો થઈ શકે તેવી શક્યતા વાન-રિક્ષા સંચાલકો વ્યક્ત કરી રહ્યા છે.

વાલીઓનું કહેવું છે કે નવા સત્રમાં પહેલેથી જ પુસ્તકો, યુનિફોર્મ, સ્કૂલ ફી અને અન્ય ખર્ચનો બોજ વધ્યો છે. હવે જો વાન-રિક્ષાના ભાડામાં પણ વધારો થશે તો માસિક બજેટ વધુ ખોરવાઈ જશે. ખાસ કરીને એકથી વધુ બાળકો અભ્યાસ કરતા હોય તેવા પરિવારો માટે આ વધારાનો ખર્ચ ચિંતાનો વિષય બન્યો છે.

જોકે, વાન-રિક્ષા એસોસિએશન તરફથી હજુ સુધી સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સીએનજીના વધેલા ભાવને કારણે ભાડા વધારો લગભગ અનિવાર્ય હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. શાળાઓ જૂન મહિનામાં શરૂ થતાં જ નવા દર અમલમાં આવી શકે છે.

# વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે પર દોઢ કલાક સુધી ટ્રાફિકજામ

**આણંદ**-નડિયાદ વચ્ચે ટ્રાફિકજામથી લોકોને હાલાકી,હાઇવે પોલીસે દોડી આવી ટ્રાફિક હળવો કર્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેર નજીકથી પસાર થતાં વડોદરા - અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. આણંદ નડિયાદ વચ્ચે દોઢ કલાક સુધી ટ્રાફિક જામ રહેતા વાહનોની લાંબી કતારો લાગી જતા કાળઝાળ ગરમીમાં વાહનચાલકો અટવાયા હતા.

વડોદરા શહેર નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે ઉપર અગાઉ અનેક વખત ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે ત્યારે હવે એક્સપ્રેસ હાઈવે ઉપર પણ ટ્રાફિક જામ થતાં વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. આણંદ-નડિયાદ વચ્ચે એક્સપ્રેસ હાઈવે પર અચાનક ટ્રાફિક જામ થઈ ગયો હતો. લગભગ દોઢ કલાક સુધી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા હાઈવે પોલીસ તુરંત સ્થળ પર પહોંચી હતી અને ટ્રાફિક હળવો કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. હાઈવે પર અકસ્માતોના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. શહેરની સાથે સાથે હાઈવે પર પણ અકસ્માતોના કારણે વારંવાર ટ્રાફિકજામ થતો હોવાથી પસાર થતાં નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લાંબા ટ્રાફિક જામ વાહનચાલકો માટે મુશ્કેલીરૂપ બન્યા છે. હાઈવે પર વાહન ધીમું ચલાવવા અને નિયમોનું પાલન કરવા તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

### પરિણામમાં પાસ ટકાવારી 88.39 ટકાથી ઘટીને 85.20 ટકા થઈ

# CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ પર સવાલ,ધો.12ના પરિણામમાં 3%નો ઘટાડો

**સ્કેન** ગુણવત્તા, સ્ક્રીન થાક અને નવા ઇન્ટરફેસથી મૂલ્યાંકનમાં તફાવત, A/B ટેસ્ટની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

સીબીએસઈ દ્વારા ધોરણ 12ની ઉત્તરવહીઓ તપાસવા માટે શરૂ કરાયેલી ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ સામે સવાલો ઉઠ્યા છે. 13 મેના રોજ જાહેર થયેલા ધોરણ 12ના પરિણામમાં પાસ ટકાવારી 88.39 ટકાથી ઘટીને 85.20 ટકા થઈ છે. 3 ટકાનો ઘટાડો માત્ર પેપર અઘરા હતા કહીને નકારી શકાય નહીં તેવી ચર્ચા શરૂ થઈ છે.

9 ફેબ્રુઆરીએ જાહેર કરાયેલી આ સિસ્ટમ હેઠળ ભૌતિક ઉત્તરવહીઓ સ્કેન કરીને સિક્યોર ડિજિટલ પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવે છે. મૂલ્યાંકનકારો કમ્પ્યુટર પર પેપર તપાસે છે.

સ્કોરિંગ ઝડપી, કાર્યક્ષમ અને વધુ પારદર્શક બનાવવાના હેતુથી આ પગલું લેવાયું હતું. બ્રિટિશ જર્નલ ઓફ એજ્યુકેશનલ ટેકનોલોજીમાં 2010ના અભ્યાસ મુજબ સ્ક્રીન પર માર્કિંગ કરવાથી મૂલ્યાંકનમાં વધુ તફાવત જોવા મળે છે. સ્કેનની ગુણવત્તા પર હસ્તલિખિત જવાબોની વાંચનક્ષમતા આધાર રાખે છે. સ્પષ્ટ લખાણ પણ સ્ક્રીન પર ઝાંખુ કે અસ્પષ્ટ દેખાઈ શકે છે. સ્ક્રીન થાક અને નવા ઈન્ટરફેસનો માનસિક બોજ પણ મોટો પડકાર છે. સીબીએસઈએ સિસ્ટમ સંપૂર્ણ લાગુ કરતા પહેલા યોગ્ય A/B મૂલ્યાંકન કરવું જોઈતું હતું. આંકડાકીય રીતે મહત્વપૂર્ણ સેમ્પલ લઈ એક જૂથ કાગળ પર અને બીજું સ્ક્રીન પર મૂલ્યાંકન કરે. માત્ર અંતિમ ગુણ નહીં, ગુણનું વિતરણ અને વિસંગતતાની આવૃત્તિ પણ સરખાવવી જોઈએ. નોંધનીય છે કે, 2017માં માર્ક્સ મોડરેશન પોલિસી બંધ કરતા પણ હોબાળો થયો હતો અને બોર્ડને પુનર્વિચાર કરવો પડ્યો હતો. કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધોરણ 12ના ગુણ પર આધાર રાખે છે. બોર્ડની જવાબદારી છે કે મૂલ્યાંકન સિસ્ટમ ન્યાયી પરિણામ આપે છે તે સાબિત કરે. માત્ર આધુનિકીકરણને સદ્ગુણ માનવાને બદલે તે લોકોને લાભ આપે છે કે નહીં તે જોવું જરૂરી છે.

### શંખનાદ કુંભકર્ણની ઘેરી નિદ્રામાં પોઢેલા વહીવટી તંત્રને મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા જગાડવાનો પ્રયાસ

# ખાસવાડી સ્મશાન મુદ્દે મહારાષ્ટ્રીયન સમાજે રામધૂન બોલાવી

**કરોડો** લોકોની આસ્થા સમાન ‘દશપિંડ વિધિ’ની જગ્યા વણવપરાયેલી રહેતા ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

વડોદરામાં વહીવટી તંત્રની ઉદાસીનતા અને વચનભંગના કારણે વધુ એક વિવાદ વકર્યો છે. કારેલીબાગ સ્થિત ઐતિહાસિક ખાસવાડી સ્મશાન ગૃહ ખાતે દશપિંડ વિધિની જગ્યાના નવીનીકરણ મુદ્દે મહારાષ્ટ્રીયન સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી ન હલતા, આખરે સમાજના અગ્રણીઓ અને લોકોએ સ્મશાન ગૃહ ખાતે જ એકત્રિત થઈને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ અનોખો વિરોધ પ્રદર્શન કર્યો હતો. ભક્તિભાવ



સાથે રામધૂન બોલાવીને સમાજે “કુંભકર્ણની ઘેરી નિંદ્રામાં” પોઢેલા પ્રશાસનને જગાડવાનો શંખનાદ કર્યો છે.

વર્ષ 2023માં CSR ફંડ અંતર્ગત પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટની આગેવાની હેઠળ ખાસવાડી સ્મશાન ગૃહના આધુનિક નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આશરે 15 કરોડ જેટલું માતબર ફંડિંગ પૂરું પાડવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રીયન સમાજના અગ્રણીઓના જણાવ્યા મુજબ, જ્યારે આ કામગીરી શરૂ થઈ ત્યારે વહીવટી તંત્ર અને પદાધિકારીઓ દ્વારા એવી ખાતરી આપવામાં આવી હતી કે સ્મશાનની સાથે-સાથે દશપિંડ વિધિ (મૃત્યુ પછીના ધાર્મિક સંસ્કાર) માટેની પવિત્ર જગ્યાનું પણ સંપૂર્ણ નવીનીકરણ કરવામાં આવશે.

વર્તમાન સ્થિતિએ સ્મશાન ગૃહના નવીનીકરણની કામગીરી આશરે 90 ટકા જેટલી પૂર્ણ થવા આવી છે. સ્મશાનનો નવો નજારો ઉભો થઈ રહ્યો છે, પરંતુ આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે જે દશપિંડ વિધિની જગ્યા સુધારવાનું વચન અપાયું હતું, ત્યાં હજુ સુધી ઈંટનો એક ટુકડો પણ ખસ્યો નથી ! ત્યાં કોઈ જ પ્રકારની કામગીરી શરૂ ન કરાતા સમાજ સાથે વિશ્વાસઘાત થયો હોવાની લાગણી વ્યાપી ગઈ છે.

મહારાષ્ટ્રીયન સમાજના અગ્રણીઓએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા સ્પષ્ટ ચીમકી આપી છે કે, વડોદરાના વિકાસમાં અને સંસ્કૃતિમાં આ સમાજનો મોટો ફાળો રહ્યો છે.

#### અમે કમિશનરથી લઈને સાંસદ-ધારાસભ્ય સુધી સૌને રજૂઆત કરી, પણ પરિણામ શૂન્ય !

સમાજના પ્રતિનિધિઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, આ ગંભીર મુદ્દે તેઓએ મ્યુનિસિપલ કમિશનર, ધારાસભ્ય બાલુ શુક્લા તેમજ સાંસદ હેમાંગ જોશી સહિતના ઉચ્ચ પદાધિકારીઓને રૂબરૂ મળીને લેખિત આવેદનપત્ર પાઠવ્યા છે. તંત્ર માત્ર આશ્વાસનોની લોલીપોપ આપી રહ્યું છે અને આજદિન સુધી ગ્રાઉન્ડ લેવલ પર કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવારની રજૂઆતો બહેરા કાને અથડાઈને પાછી આવતા, આખરે મહારાષ્ટ્રીયન સમાજના લોકોનો સંયમ ખૂટ્યો હતો. મોટી સંખ્યામાં લોકો ખાસવાડી સ્મશાન ખાતે એકઠા થયા હતા અને દશપિંડ વિધિની એ જ ઉપેક્ષિત જગ્યા પર બેસીને હાથમાં તાળીઓ સાથે ‘શ્રી રામ જય રામ જય જય રામ’ ની રામધૂન શરૂ કરી દીધી હતી.

### દરરોજ બે સત્રમાં પરીક્ષા : 27 મેના રોજ પરીક્ષા નહીં લેવાય

# ગુજરાત ઉચ્ચ મહેસૂલી લાયકાત પરીક્ષાનો કાર્યક્રમ બદલાયો, આજથી શરૂ થશે

**સામાન્ય** વહીવટ વિભાગે જાહેર કર્યો નવો સુધારેલો સમય ,5 દિવસમાં 5 પેપર લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

ગુજરાત ઉચ્ચ મહેસૂલી લાયકાત પરીક્ષા-2026ના કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગના 2 મે, 2026ના પરિપત્ર બાદ સામાન્ય વહીવટ વિભાગે 23 મેના રોજ સુધારેલું નવું પરીક્ષા સમયપત્રક જાહેર કર્યું હતું. નવા કાર્યક્રમ મુજબ હવે પરીક્ષાની શરૂઆત 25 મેથી કરવામાં આવશે. રાજ્યભરના નાયબ મામલતદાર, મહેસૂલી કારકુન તથા મહેસૂલી તલાટી સંવર્ગના કર્મચારીઓ માટે યોજાતી આ પરીક્ષાને લઈને વિભાગ દ્વારા જરૂરી સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

સુધારેલા કાર્યક્રમ અનુસાર 25 મે થી 30 મે દરમિયાન કુલ પાંચ પ્રશ્નપત્રોની પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા દરમિયાન 27 મેના રોજ કોઈ પેપર યોજાશે નહીં. બાકીના દિવસોમાં દરરોજ બે સત્રમાં પરીક્ષા લેવામાં આવશે. સવારે 10:30 થી બપોરે 1:30 સુધી હેતુલક્ષી પ્રકારની પરીક્ષા યોજાશે, જ્યારે બપોરે 2:30 થી સાંજે 5:30 સુધી વર્ણનાત્મક પ્રશ્નપત્રની પરીક્ષા લેવામાં આવશે.

સમયપત્રક મુજબ 25 મેના રોજ પ્રશ્નપત્ર-1, 26 મેના રોજ પ્રશ્નપત્ર-2, 28 મેના રોજ પ્રશ્નપત્ર-3, 29 મેના રોજ પ્રશ્નપત્ર-4 અને 30 મેના રોજ પ્રશ્નપત્ર-5 યોજાશે. પરીક્ષાના આયોજનને ધ્યાનમાં રાખીને વિભાગે તમામ સંબંધિત કર્મચારીઓને નવા સમયપત્રકની ખાસ નોંધ લેવા તાકીદ કરી છે. અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમમાં ફેરફાર થતાં ઉમેદવારોને તૈયારીમાં ગેરસમજ ન થાય તે માટે પણ વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે.

મહેસૂલી વિભાગની આ પરીક્ષા કર્મચારીઓની કામગીરી, કાયદાકીય સમજ અને વહીવટી ક્ષમતાના મૂલ્યાંકન માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. દર વર્ષે મોટી સંખ્યામાં કર્મચારીઓ આ પરીક્ષામાં ભાગ લેતા હોય છે. નવા કાર્યક્રમ મુજબ ઉમેદવારોએ તૈયારી પૂર્ણ કરી સમયસર પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવા સૂચન કરવામાં આવ્યું છે.